અપીલ અરજી નં.૨૨૮ તા.૧૭–૮ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી લક્ષ્મીબેન બચુભાઈ પટેલ
સામાવાળાઃ– ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ)
ગાર્ડન સુપ્રિ. અને જાહેર માહિતી અધિકારી (બાગ બગીચા ખાતુ)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી લક્ષ્મીબેન બચુભાઈ પટેલની તા.૨૭–૪–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) તા. ૧૫–૭–૭૪ના રોજ ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટનો ચાર્જ સંભાળનાર અધિકારીના નામ, કામગીરી સહિતની વિગત અને રેકર્ડ તથા મહુમ કર્મચારી બચુભાઈ ડાહયાભાઈ સદર જગ્યાએ રહેતા હતા અને બાગખાતાનો સમગ્ર વહીવટ પ.વ.ડી. ખાતા હસ્તક ચાલતો હતો તે અંગેના દસ્તાવેજી પુરાવાઓ–હુકમો–પરિપત્ર સહિતની લેખિત માહિતી વિ. મુદ્દા નં.(૧) થી (૫) ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૭–૮–૧૧ ની **SMC/FAP/** નં.૨૨૮/ ૨૦૧૧–૧૨

શ્રી લક્ષ્મીબેન બચુભાઈ પટેલની તા.૨૭–૪–૧૧ની અરજીથી મુદ્દા નં(૧) તા. ૧૫–૭–૭૪ના રોજ ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટનો ચાર્જ સંભાળનાર અધિકારીના નામ ,કામગીરી સહિતની વિગત અને રેકર્ડ તથા મહુમ કર્મચારી બચુભાઈ ડાહયાભાઈ સદર જગ્યાએ રહેતા હતા અને બાગખાતાનો સમગ્ર વહીવટ પ.વ.ડી. ખાતા હસ્તક ચાલતો હતો તે અંગેના દસ્તાવેજી પુરાવાઓ–હુકમો–પરિપત્ર સહિતની લેખિત માહિતી વિ. મુદ્દા નં. (૧) થી (૫) ની માહિતી આપવા બાબતે ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારી(બાગ બગીચા ખાતુ)ના પત્રનં.પી.પી.જી./ આ.નં./૫૧૮ તા. ૧–૦૭–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭– ૮ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૦૯ તા.૨૯–૮–૧૧ થી ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ), ગાર્ડન સુપ્રિ. અને જાહેર માહિતી અધિકારી (બાગ બગીચા ખાતુ) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ કક્ષાએથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ.નં.૨૬૮ તા.૧૫–૯–૧૧ થી મળેલ પૂરક વિગતોમાં સેન્ટ્રલઝોન કક્ષાએથી તા.૨૮–૪–૧૧ નો તબદીલી પત્ર ટાઉન પ્લાનીંગ કક્ષાએથી ગાર્ડન સુપ્રિ.ને વિલંબથી તબદીલ કરેલ તા.૧૬–૫–૧૧ નો પત્ર, અરજદારને પાઠવેલ તા.૨૭–૫–૧૧ નો પત્ર તથા સા.સભાના તા.૧૮–૪–૮૧ ના ઠરાવની નકલ મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી ગાર્ડન તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૭–૪–૧૧ ની અરજીથી દયાળજીબાગના કવાર્ટસની મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગતી અરજી ગાર્ડન સુપ્રિ. અને જાહેર માહિતી અધિકારી ગાર્ડન ખાતાને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૩૩ તા.૨૮–૪–૧૧ થી નિયત સમય અવધિમાં ટાઉન પ્લાનર ટાઉન પ્લાનીંગ વિભાગને અને ગાર્ડન સુપ્રિ.ને અરજી તબદીલ કરવામાં આવેલ. જે બાબતે અરજદારે મુદ્દા નં.૪ સિવાયની નહીં મળેલી માહિતી અંગે તા.૧૭–૮–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. ગાર્ડન સુપ્રિ. અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.પીપીજી/આ.નં.૫૧૮ તા.૧–૭–૧૧ થી નિયત સમય અવધિ બાદ અરજદારને માહિતી આપવામાં આવેલ છે. અરજદારની અરજીના મુદ્દા નં.(૧) તા. ૧૫–૭–૭૪ના રોજ ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટનો ચાર્જ સંભાળનાર અધિકારીના નામ ,કામગીરી સહિતની વિગત અને રેકર્ડ તથા મહુમ કર્મચારી બચુભાઈ ડાહયાભાઈ સદર જગ્યાએ રહેતા હતા અને બાગખાતાનો સમગ્ર વહીવટ પ.વ.ડી. ખાતા હસ્તક ચાલતો હતો તે અંગેના દસ્તાવેજી પુરાવાઓ–હુકમો–પરિપત્ર સહિતની લેખિત માહિતી.તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ગાર્ડન તરફથી મ્યુ. ઈજનેરશ્રીના પવડી નં.ઈન નં.૨૭૨૮ તા.૨૦–૨–૯૩ ના પત્ર સંદર્ભે ભુ.પુ. ગાર્ડન શ્રીના જવાબી પત્ર ક્રમાંક જીએસ/ઈ/ ૭૫૩ તા.૧૨–૩–૯૩ ની નકલ પૂરી પાડવામાં આવ્યાનું જણાવેલ છે. મુદ્દા નં.(૨) જી.એસ. ૮ તા.૧–૪–૮૫ થી રજી.પો.એડી. થી અમોને મકાન ખાલી કરવા અંગે કહેવાતી જાણ કર્યા અંગેના પત્રની સહી સિકકાવાળી નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ગાર્ડન તરફથી અરજદારે માંગેલ જીએસ ૮ તા.૧–૪–૮૫ થી મકાન ખાલી કર્યા અંગેના પત્રની નકલ આપવામાં આવ્યાનું જણાવેલ છે. મુદ્દા ન.(૩) દયાળજી બાગનું મકાન ખાલી કરાવવા જી.એસ. ૧૭૯૮ તા.૩૦–૧–૮૫ થી જણાવવામાં આવેલ હોવા અંગેની લેખિત પુરાવા તથા માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ગાર્ડન તરફથી અરજદારે માંગેલ જી.એસ.૧૩૯૮ તા.૩૦–૧–૮૫ ના પત્રની નકલ

આપવામાં આવેલ છે. મુદ્દા ન.૪ સુમપાના કોઈ પણ જગ્યાએ આવેલ મકાન/ સ્ટાફ કવાર્ટસ ફાળવવાના સંપૂર્ણ કાર્યવાહી જમીન મિલ્કત ખાતા તરફથી કરવામાં આવે છે તે અંગેના પરીપત્ર માર્ગદર્શિકા તથા નિતી નિયમોની સહી સિકકાવાળી નકલો તથા માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ.નં.૯૧ તા.૨૭–૫–૧૧ થી નિયત સમય અવધિ બાદ અરજદારની માહિતી પૂરી પાડયાનું અરજદારે તેમની અપીલ અરજીમાં જણાવેલ છે. જે અંગે અરજદારને અપીલ તબકકે કોઈ તકરાર નથી. મુદ્દા નં.૫ દયાળજી બાગનું કવાર્ટસ ખાલી કરાવવાથી બાગ ખાતાના સ્ટાફને મહદઅંશે કઈ સુવિધાઓ મળશે અને કઈ સાચુ વિધાન નિરાકરણ થઈ શકે? તે અંગે ની માહિતી અને વિગતો. જે અંગે જાહેર માહિતી અધિકારી ગાર્ડન તરફથી કોઈ વિગતો પૂરી પડાયેલ જણાતી નથી. આમ મુદ્દા નં.૫ સિવાયની માહિતી બંને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે.જાહેર માહિતી અધિકારી ગાર્ડન તરફથી અરજદારને પૂરી પાડેલ નકલો અત્રે અપીલમાં રજૂ થયેલ નથી પરંતુ તેમના માહિતી પત્રમાં તે અરજદારને આપ્યાનો ઉલ્લેખ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૭–૪–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૫ ની જાહેર માહિતી અધિકારી ગાર્ડન સુપ્રિ. તરફથી પૂરી પડાયેલ ન હોઈ તે અંગેની દફતરી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા ગાર્ડન સુપ્રિ.શ્રી અને જાહેર માહિતી અધિકારી ગાર્ડન ખાતાને જણાવવામા આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૧

પ્રતિ,

(૧) ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ), ગાર્ડન સુપ્રિ. અને જાહેર માહિતી અધિકારી ....જાણ તથા અમલ માટે.

(૨) શ્રી લક્ષ્મીબેન બચુભાઈ પટેલ,